# ઉનાળાની સંજીવનીબુટ્ટી "ફુદીના"ની ધૂમ આવક

## ફુદીનો ચામાં, ગરમીમાં લું થી બચવા માટેના પીણાંમાં, દવામાં વપરાય છે





ગાંધી.તા.૧૧

ઉનાળાની સંજીવની બુટ્ટી એટલે ફુદીનો.બજારમાં લારીઓમાં ફુદીના ની ધૂમ આવક થઈ છે.બજાર માં ઠેર ઠેર ફુદીનાની સુગંધ પ્રસરી છે.ત્યારે લોકો પણ તેની ખરીદી કરતા જોવા મળી રહ્યા છે.

ફુદીનો એ રસોડા નું એક સરળ વ્યંજન છે. ફુદીનો સ્વાદ અને સુગંધનો અનેરો સંગમ ધરાવે છે.ફુદીનો બારમાસી ખુશ્બુદાર વ્યંજન છે.આયુર્વેદમાં પણ અનેક ગુણોથી ફુદીનાના વખાણ કરવામાં આવ્યા છે, અને એના અનેક ગુણો દર્શાવવામાં આવ્યા છે.

ખાસ કરીને ગરમીમાં લૂથી બચવા માટે ફુદીના પાન અને જીરૂ ને થોડીવાર પલાળો પછી તેને પીસી નાખો અને ત્યારબાદ તેમાં મીઠું, થોડી સાકર નાખીને પીવાથી લુ લાગશે નહીં.ઉનાળામાં દહીં, છાશ, રાયડા માં ફુદીનાના પાન પીસીને પીવાથી પણ લૂ લાગતી નથી. ફુદીનાનું સેવન કરવાથી તાવ, ઝાડા, કબજિયાત જેવી પેટની બીમારીઓથી પણ બચી શકાય છે.

હેડકી આવતી હોય તો ફુદીનાના રસમાં મધ મિશ્ર કરી અને પીવાથી ખૂબ લાભ થાય છે. ફુદીનામાં એવા એન્ઝાઈમ છે કે જે કેન્સરથી પણ આપણને દૂર રાખે છે.પેટના દર્દો, માથાનું દર્દ, વિવિધ ગાંઠ, ઉધરસ વગેરે ની દવાઓ બનાવવામાં પણ ફાર્મસીઓ અને દેશી વૈદક બનાવનારાઓ ફુદીનાનો ઉપયોગ કરે છે.

ફુદીનાના પાન માં વિટામિન એ, બી, સી, ડી, ઈ આયન, કેલ્શિયમ આ બધું જ ભરપૂર માત્રામાં મળી રહે છે. મિત્રો ફુદીનો મોની દુર્ગંધનો નાશ કરનાર છે. આ ગુણને કારણે ફુદીનાનો ઉપયોગ ચિંઘમ, સાબુ, ટૂથપેસ્ટ વગેરેમાં વિપુલ માત્રામાં ઉપયોગ કરવામાં આવે છે. ફુદીનો સુગંધ માટે સંસારમાં સર્વ શ્રેષ્ઠ ગણવામાં આવ્યો છે.

ફુદીનાના પાન સમગ્ર વિશ્વમાં વધુમાં વધુ શીતળ અને સ્ફુર્તિદાયક માનવામાં આવ્યા છે. આયુર્વેદ અનુસાર ફુદીનો બીપી ને પણ કાબૂમાં રાખી શકે છે. તે સોજાને પણ ઉતારનાર છે. ફુદીનો હોજરીને પણ મજબૂત કરે છે અને પાચનશક્તિ સુધારે છે.

ફુદીનાની સુગંધી કોઈ વ્યક્તિ બેહોશ થઈ ગયો હોય તો એની તત્કાલ કારણથી પણ બેહોશી દૂર થવામાં સહાયતા મળે છે. ફેફસામાં વર્ષો જૂનો જામેલો કફ પણ નિરંતર ફુદીનાનાં રસ નું સેવન કરવાથી દૂર થાય છે.

ઉનાળામાં ફુદીનાની છાશ પીવાથી શરીર ડિટોક્સ રહે છે અને ટોક્સિન્સ દૂર થાય છે.ફુદીનાની છાશ આંતરડાને સાફ કરીને શરીરને સ્વસ્થ રાખવામાં મદદ કરે છે.ફુદીનાની છાશનું નિયમિત સેવન કરવાથી આંતરડાની ઘણી સમસ્યાઓ સરળતાથી દૂર થાય છે.

ફૂદીનાના પાન ચાવવાથી દાંત તથા પેઢાના રોગોથી બચી શકાય છે કારણ કે ફુદીનો એન્ટિસેપ્ટિક તરીકે કામ કરનારો છે. જે વ્યક્તિને વધારે બોલવાનું રહેતું હોય છે, ગીતો ગાવાના હોય છે એવા લોકોએ ફૂદીના નો રસ, થોડું સિંધવ નમક નાખી મિક્સ કરી અને પીવાથી એનું ગળું સ્વચ્છ કરે છે. એનો રાગ પણ સારો રહે છે.

ઉધરસમાં ફુદીનાનો રસ, આદુનો રસ અને મધ મેળવીને પીવાથી ઉધરસ મટી શકે છે. એમાં તુલસીનો રસ પણ નાખી શકાય. ફુદીનાના રસ, થોડું ગુલાબ જળ અને લીંબુ મિક્ષ કરી અને મો ધોવાથી સૂર્યપ્રકાશની ગરમી લાગતી નથી અને ત્વચા પર સારી રહે છે.

મોમાં ચાંદા પડ્યા હોય તો ફૂદીનાના પાન ચાવવાથી અથવા તો ફુદીનાનો રસ અને મધ એ બંને લગાડવાથી અથવા તેના કોગળા કરવાથી પણ ચાંદામા ઝડપથી રુજ આવે છે .

## સર્વે ૧૧ વોર્ડમાં મંચ પરથી નિદર્શન આપવા યોગ ટ્રેનર્સને તાલીમ અપાઇ



ગાંધીનગર, તા. ૧૧

વિશ્વ યોગ દિવસ દર વર્ષે તા.૨૧ની જુને ઉજવાય છે જેની ઉજવણી દુનિયાભરમાં ભારે ઉત્સાહપૂર્વક કરવામાં આવે છે. આગામી વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને ગાંધીનગરમાં પણ અત્યારથી તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના મહાનગરપાલિકા વિસ્તારના યોગ કોઓર્ડિનેટર ભાવનાબેન જોશીના માર્ગદર્શનમાં તેમની ટીમ દ્વારા યોગ-પ્રાણાયામના પ્રચાર પ્રસાર માટે વિવિધ યોગ ટ્રેનર્સ દ્વારા શહેરમાં વિવિધ સ્થળે યોગ પ્રોટોકોલ અનુસાર યોગ પ્રાણાયામના વર્ગો ચલાવાઇ રહ્યાં છે.

શહેરના સેકટર-ઉના બગીચામાં યોગ ટ્રેનર્સ માટે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિશ્વ યોગ દિવસે કોમન પ્રોટોકોલ અનુસાર યોગ-પ્રાણાયામ કરાવવા માટે ટ્રેનર્સને તાલીમ આપવામાં આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે તા. ૨૧મી જુને વિશ્વ યોગ દિવસની ઉજવણીમાં ગાંધીનગર મહાનગરપાલિકાના સર્વે ૧૧ વોર્ડમાં યોગ-પ્રાણાયામના કાર્યક્રમોનું આયોજન કરાયું છે અને આ યોગ ટ્રેનર્સ મંચ ઉપરથી યોગ નિદર્શન કરીને શહેરના નાગરિકોને યોગ દિવસના પ્રોટોકોલ અનુસાર યોગ કરાવશે.

## ૧૨ જૂન, ૨૦૨૩ : વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ

ગાંધીનગર,તા.૧૧

રાજ્ય સરકારની શ્રમ આયુક્તની કચેરી દ્વારા વર્ષ ૨૦૨૨માં બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી માટે ૧૨૭૮ જેટલા છાપા મારીને ૧૨૭ બાળકો તેમજ ૨૮ તરૂણો સહિત ૧૫૫ બાળકોને બાળ મજૂરીમાંથી મુક્ત કરાવ્યાં છે. વર્ષ ૨૦૨૩માં પણ આ અભિયાન ચાલુ જ છે. આંતરરાષ્ટ્રીય શ્રમ સંસ્થા (ILO) દ્વારા દર વર્ષે ૧૨મી જૂનને બાળ મજૂરી વિરોધી દિવસ તરીકે મનાવવામાં આવે છે. બાળ મજૂરીમાં રોકાયેલા બાળકોની દુર્દશાને પ્રકાશિત કરવાના હેતુથી વર્ષ ૨૦૦૨માં પ્રથમ વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ મનાવવાની શરૂઆત કરી હતી. આજનું બાળક આવતીકાલનો નાગરિક છે. આ હકીકતને ધ્યાને રાખીને તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના કાર્યકાળમાં બાળ શ્રમયોગી અધિનિયમના સફળ અમલીકરણ માટે રાજ્યમાં સૌપ્રથમ વખત વર્ષ ૨૦૦૯માં 'બાળ શ્રમયોગી પ્રથા નાબૂદી' માટે "સ્ટેટ એક્શન પ્લાન ફોર એલિમીનેશન ઓફ ચાઈલ્ડ લેબર સિસ્ટમ" બનાવવામાં આવી હતી. હાલમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યમાં બાળ અને કિશોર શ્રમયોગી (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ-૧૯૮૬નું અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે. આંતરરાષ્ટ્રીય મંજૂર સંસ્થાન દ્વારા નોબલ પુરસ્કાર વિજેતા કૈલાશ સત્યાર્થીની ઉપસ્થિતિમાં ભારતમાં પણ ઈવેન્ટ યોજાશે વિશ્વ બાળ મજૂરી વિરોધી દિવસ પર આંતરરાષ્ટ્રીય મંજૂર સંસ્થાન દ્વારા ભારતમાં પણ 'સોશિયલ જસ્ટિસ ફોર ઓલ: હાઉ ટુ એન્ડ ચાઈલ્ડ લેબર' મુદ્દે કલકત્તા ખાતે આંતરરાષ્ટ્રીય શ્રમ પરિષદના ૧૧૧માં સત્ર દરમિયાન ILO દ્વારા એક ઉચ્ચ સ્તરીય સાઇડ ઇવેન્ટ પુરસ્કાર વિજેતા કૈલાશ સત્યાર્થીની ઉપસ્થિતિમાં યોજાશે. આ ઈવેન્ટ દરમિયાન સામાજિક ન્યાય અને બાળ મજૂરી નાબૂદી વચ્ચેની કડી પર ધ્યાન કેન્દ્રિત કરી ચર્ચા-વિમર્શ કરાશે. જેમાં ઉપસ્થિત પેનલિસ્ટ આઈ.એલ.ઓ.ના ઘટકો દ્વારા તેની પ્રતિબદ્ધતાઓ પર સતત કાર્ય થકી સામાજિક ન્યાય વધારવા માટેના પગલાઓ કેવા મહત્વપૂર્ણ સાબિત થયા છે તે અંગેના ઉદહરણો ઉપર ભાર મૂકશે.

## આલમપુર ખાતે "બાળ કિશોર શિબિર" ઉત્સાહપૂર્ણ રીતે સંપન્ન



ગાંધીનગર,તા.૧૧

ગાંધીનગર પાસેના આલમપુર ખાતે સરકારી પ્રાથમિક શાળામાં તારીખ છઠ્ઠી જુનથી શરૂ થયેલ 'બાળ કિશોર શિબિર'ની પૂર્ણાહુતિ આજે તા.૧૧મી જુન,૨૦૨૩ રવિવારના રોજ આનંદ અને ઉત્સાહસભર સંપન્ન થઈ હતી. શિબિરના આર્યવીર પ્રશિક્ષક દુષ્યંતભાઇએ બાળકોએ પાંચ દિવસ દરમિયાન શીખેલ કરાટે અને તેની વિવિધ ટેકનિકસ તથા લાઠી અને તલવારના દાવોનું નિદર્શન કરાવ્યુંહતું. શિબિરના મુખ્ય સંચાલક મહેન્દ્ર મુનિએ બાળકોએ કરેલ પુરુષાર્થને બિરદાવી બાળકોને મોબાઈલ, ભૂત - પ્રેત, દોરા - ધાગા - તાવીજ વગેરે બદીથી દૂર રહેવા જણાવ્યું હતું. શિબિરમાં અતિથિ તરીકે પધારેલ યોગ શિક્ષિકા પારૂલ મહેતાએ કેટલીક હળવી કસરતો કરાવી ત્રણ પ્રકારના પ્રાણાયામ પ્રેક્ટિકલ કરાવ્યાં હતાં. પતંજલિ યજ્ઞ સમિતિના અગ્રગણ્ય કાર્યકર્તા બહેન નેહા વ્યાસે બાળકો સાથે ખૂબ હળવી પ્રેરક વાતો કરી હતી. શાળાના આચાર્ય સમીર પટેલે શિબિરના પ્રશિક્ષક દુષ્યંત સર, વાનપ્રસ્થી મહેન્દ્ર મુનિ, વર્ગશિક્ષકો તથા મંચપર ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો હતો અને આવા પ્રકારની શિબિર સમય મળ્યે પુનઃ યોજવા અનુરોધ કર્યો હતો. ગામના અગ્રણી મહેમાનોમાં નિવૃત્ત નાયબ નિયામક નિનામા, સ્કૂલ મેનેજમેન્ટ સમિતિના પ્રેસિડેન્ટ અશોક સોલંકી, પૂર્વ પ્રેસિડેન્ટ નિલેશભાઈ પટેલએ પણ શિબિરનો લાભ લેવા બદલ સૌ બાળકોને અભિનંદન પાઠવ્યા હતાં.

## હાસ્યકલાકાર હરપાલસિંહ ઝાલાએ શ્રદ્ધાળુઓને હસાવ્યાં




ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ નરોડાના કેદારનાથ શિવાલય ખાતે સ્થાનિક શ્રદ્ધાળુઓ દ્વારા રામાપીરની ધજાજી તેડાવી હતી તે દરમ્યાન યોજાયેલા ભજન પ્રસંગે હાસ્યરસ પીરસીને શ્રદ્ધાળુઓને ખૂબ હસાવ્યાં હતાં. 'માણસ હસતો ભલો અને કૂતરો ભસતો ભલો" આવી વાતના હિમાયતી શહેરના યુવા હાસ્યકાર હરપાલસિંહ ઝાલાએ ભજન કાર્યક્રમ પ્રસંગે હળવી વાતો પીરસી હતી. તેઓએ જણાવ્યું કે "હિંદુસ્તાન પર અનેક આક્રાંતાઓએ અનેકવાર આક્રમણો કરી અહીંનું સ્ત્રી ધન અને લક્ષ્મી ધન લુંટ્યું, પરંતુ આપણાં આધ્યાત્મધન અને સંસ્કારોનું ધન તેઓ નથી લૂંટી શક્યાં જેનું જતન કરી વિશ્વમાં આપણે આજે આગવી ઓળખ ઉભી કરી શક્યા છીએ જેની જાળવણી એ આવનાર સમયની અતિ મહત્વપૂર્ણ જવાબદારી બની છે ત્યારે આવો આપણે સૌ સહિયારા સાથે હિંદુસ્તાનને વધુ એક વાર સોનાની ચિડીયા બનાવીએ." વધુમાં પોતાની હળવી રમૂજ શૈલીએ તેઓએ સમાજ પર વ્યંગ કરતાં જણાવ્યું કે "મહાભારતના ભીષણ સંગ્રામે ગીતાજી જન્મ્યાં પરંતુ આજે કોઈ ગીતાના કારણે ભીષણ સંગ્રામ સર્જાય જાય છે માટે જીવન એવું જીવવું કે બધાં આપને યાદ કરે નહીં કે ફરિયાદ કરે." અત્રે ઉલ્લેખનીય છે કે હસપાલસિંહે ગુજરાતની અનેક કોલેજો તથા સામાજીક સંસ્થાઓમાં નિઃશુલ્ક કે નજીવા પુરસ્કાર સાથેના અનેક વ્યકિતત્વ વિકાસ, સમાજ સુધારણા, જનજાગૃતિ, વ્યસનમુક્તિ, આત્મઘાતની ઘાત ટાળીયે, પુરુષાર્થ એજ પારસમણિ વિષયે કાઠિયાવાડી તળપદી ભાષાનાં હળવાં માર્મિક-ધાર્મિક હાસ્ય દરબારો આપ્યાં છે.

## થેલેસેમીયાગ્રસ્ત બાળકો માટે ગાંધીનગર મનપા સ્ટે. ચેરમેન દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો



ગાંધીનગર, તા.૧૧

રોજની મેડિકલ ઈમરજન્સીને પહોંચી વળવા અને દર્દીનો જીવ બચાવવા માટે લોહીની ખુબ જરૂર પડે છે અને લોહી એકમાત્ર એવું તત્વ છે જેને લેબમાં બનાવી શકતું નથી માત્ર રક્તદાન સ્વરૂપે જ એક વ્યક્તિથી બીજી વ્યક્તિના શરીરમાં પહોંચાડી શકાય છે. જેથી વૈશ્વિક કક્ષાએ રક્તદાન અંગે જાગૃત્તિ માટે ૧૪મી જુનના દિવસે 'વિશ્વ રક્તદાન' તરીકે ઉજવવામાં આવે છે. ગુજરાતમાં ૧૦ હજારથી વધારે બાળકો થેલેસેમિયાગ્રસ્ત છે જેમને સમગ્ર જીવનમાં રેગ્યુલર બ્લડની જરૂર પડે છે. જેમાંના ઘણા બાળકો અત્યંત ગરીબ પરિવારમાંથી આવે છે. તેમના માટે લોહીની જરૂરીયાતને પહોંચી વળવું અત્યંત મુશ્કેલ અને ખર્ચાળ હોય છે. તેમની પીડાને સમજીને ગાંધીનગર મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જશવંતભાઈ પટેલની આગેવાનીમાં વોર્ડ નંબર ૧૧માં ભાટ , ઝુંડાલ અને ખોરજ ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. થેલેસેમિયાગ્રસ્ત ગરીબ બાળકોને સસ્તુ અને સરળતાથી લોહી પ્રાપ્ત કરાવી શકાય તેવા ઉમદા આશયથી યોજવામાં આવેલા આ રક્તદાન કેમ્પમાં મોટી સંખ્યામાં રક્ત દાતાઓએ રક્તદાન કર્યું હતું અને સમગ્ર કેમ્પમાં કુલ ૧૧૪ બોટલ લોહી એકત્ર કરવામાં આવ્યું હતું.



રથયાત્રા પુર્વે અમદાવાદમાં વિવિધ સ્થળેથી પ્રવેશ કરતા વાહનોનું ચેકીંગ પોલીસ દ્વારા કરવામાં આવી રહેલ છે.

## બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર-ગાંધીનગર દ્વારા "વોક ફોર પીસ" યોજાઈ




ગાંધીનગર, તા.૧૧

બ્રહ્માકુમારીઝ ઉર્જાનગર, ગાંધીનગર દ્વારા તારીખ ૧૧ જૂન રવિવારના રોજ સવારે 'વોક ફોર પીસ' નું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં ઉર્જાનગર, રાદેસણ તથા કુડાસણ આસપાસના વિસ્તારના ભાઈ બહેનો-નાગરિકો મોટી સંખ્યામાં જોડાયા હતા. વધુ માહિતી આપતા બ્રહ્માકુમારીઝના મીડિયા સંયોજક ભરત શાહે જણાવ્યું હતું કે, સવારે ૫.૩૦ વાગ્યાના સુમારે બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર સેવાકેન્દ્ર ખાતેથી 'વોક ફોર પીસ' પ્રારંભ થઇ હતી. બ્રહ્માકુમારીઝ, ઉર્જાનગર સેવાકેન્દ્ર પ્રભારી રાજયોગીની આદરણીય રંજનદીદી, બ્રહ્માકુમારીઝ કુડાસણ પ્રભારી બી.કે.ખુશ્બુબેન, બી.કે. બીનાબેન, રાજયોગી સંદીપભાઈ તથા ઉપસ્થિત વિશેષ બી.કે. વીઆઈપી દ્વારા આ શાંતિ કૂચનો પ્રારંભ કરાવાયો હતો.સંસ્થા દ્વારા ઉર્જાનગર બ્રહ્માકુમારીઝ સેવાકેન્દ્રની આસપાસના વિસ્તારોને આવરતો રૂટ બનાવવામાં આવ્યો હતો, જે રૂટ પર મોટી સંખ્યામાં લોકોએ આ વોક ફોર પીસ દ્વારા મેળવેલ વાયબ્રેશનથી આત્માના અનાદિ સંસ્કાર પવિત્રતા, સુખ, શાંતિ, આનંદ, પ્રેમનો અનુભવ કરેલ.

## સાબરમતી રિવરફ્રન્ટમાં હવે પર્સનલ બોટ લઈ જઈ શકશો

અમદાવાદ, તા.૧૧

હવે સાબરમતી નદીમાં શહેરીજનો પોતાની પર્સનલ બોટને લઈ જઈ શકશે કે શું? જોકે આ હવે સંભવ હોય એમ લાગે છે. સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, એટલે કે સાબરમતી રિવરફ્રન્ટના વહીવટી સત્તાધીશોએ પર્સનલ બોટમાં અહીં સફર કરવાની અનુમતિ આપી દીધી છે.

સાબરમતી પર ટૂંક સમયમાં તમે પોતાની પર્સનલ બોટ વડે રિવર સેઈલિંગની મજા માણી શકશો. આ દરમિયાન SRFDCL ખાનગી બોટને ડોક કરવા માટે એક જેટી બનાવશે અને માલિકોને તેમની બોટને સાબરમતીમાં ચલાવવાની મંજૂરી આપશે. સાબરમતી રિવરફ્રન્ટ સાઈડ પ્રાઈવેટ બોટ હશે એને ભાડે નહીં આપી શકાય. જોકે પરિવારજનો અને મિત્રોને રાઈડ માટે આ ઉપલબ્ધ કરાવી શકાશે. ઓફિશિયલ અધિકારીઓ આ મુદ્દે સહમત હોય તેવી વ્યક્તિઓ પાસેથી ફિડબેક માગવાનું શરૂ કરી દીધું છે. જોકે એમાં એવું પણ જણાવાયું છે કે ભારે વરસાદના કારણે અથવા નદીમાં પૂર જેવી સ્થિતિમાં જો બોટને કોઈ નુકસાન પહોંચશે તો એની જવાબદારી SRFDCL લેશે નહીં. હવે એવું લાગી રહ્યું છે કે નદીમાં પર્સનલ બોટ રાખવાનું ભાડુ કેટલું હશે. આ મુદ્દે ઓફિશિયલ અધિકારીઓ ચર્ચા વિચારણા કરી રહ્યા છે અને રિવરફ્રન્ટ સાઈડ પ્રાઈવેટ બોટ રાખવાની મંજૂરી પણ આપી શકે છે. વળી આ દરમિયાન ઓથોરિટી એ પણ બાંહેધરી આપતી નથી કે સાબરમતીમાં પાણીનું સ્તર હંમેશા આ જહાજોને ચલાવવા માટે પૂરતું રહેશે. "SRFDCL આખા વર્ષ દરમિયાન જળ સ્તરને જાળવી રાખવાની કલ્પના કરતું નથી.